# બેનિફિટઃ કયા કયા બેનિફિટ સુલભ છે અને એ કેવી રીતે મળે

બેનિફિટની સિસ્ટમ અટપટી છે.  શું ક્લેઇમ કરવું એ ઘણા લોકોને જાણ નથી હોતી.

ફોન નંબર ૦૮૦૮ ૮૦૮ ૭૭૭૭ ઉપર કેરર્સલાઇનમાંથી યા નીચે સૂચવેલ કોઇ પણ ઠેકાણેથી સહાય અને સલાહ મળી શકશે:

- www.carersonline.org.uk નામની વેબસાઇટ
- સિટીઝન્સ એડવાઇસ બ્યુરો (જાહેર જનતા માટે સલાહ કેન્દ્ર)
- વેલફેર રાઇટ્સ યુનિટ
- ડીસેબલ્ડ માણસો માટેની કોઇ સેવાભાવી સંસ્થા
- એજ કન્સર્ન (AGE CONCERN) ની શાખા
- કેરર્સ પ્રોજેક્ટ

ફોન બુકમાંથી, યા સ્થાનિક લાયબ્રેરીમાંથી યા કાઉન્સિલની ઓફિસમાંથી તમને આ બધાંના ઠામ-ઠેકાણા મળી રહેશે.

## કયા કયા બેનિફિટ મળી શકે?

### કેરર લોકો

કેરર્સ એલાવન્સ (પહેલા એ ઇનવેલિડ કેર એલાવન્સ તરીકે ઓળખાતું)

કેરર માટે આ મુખ્ય બેનિફિટ છે.  સાધારણ રીતે વીકના £૪૩.૧૫ લેખે કેરર્સ એલાવન્સ અપાય છે. નીચે બતાવેલ મુદ્દાઓ લાગુ પડતા હોય તો કેરર્સ એલાવન્સ મળી શકે:

- વીકના ૩૫ કલાક કે એથી વધુ સમય માટે તમે સંભાળ લેતા હો;
- જેની સંભાળ તમે લેતા હો તેને એટેન્ડન્સ એલાવન્સ મળતું હોવું જોઈએ, અથવા અંગત દેખભાળ અર્થે, મધ્યમ દરે યા ઉચ્ચ દરે ડીસેબીલીટી લીવીંગ એલાવન્સ મળતું હોવું જોઈએ;
- તમારી વય ૧૬ વર્ષ કે એથી ઉપર હોય;
- અમુક ખાસ કાપ મૂકાયા પછીની તમારી આવક વીકના £૭૭ કરતાં ઓછી હોય;
- તમે અભ્યાસી હો તો વીકના ૨૧ કલાકથી ઓછો સમય અભ્યાસમાં કાઢતા હો;
- યુ.કે.માં તમારા વસવાટ અને ઈમિગ્રેશનને લગતી શરતોનું પાલન થઈ રહ્યું હોય.
- નીચે બતાવે બેનિફિટમાંથી કોઈ વધારે રકમનું બેનિફિટ તમને ના મળી રહ્યું હોય: રિટાયરમેન્ટ પેન્શન, ઈન્કૅપૅસીટી બેનિફિટ, ભરેલ ભરણા પર આધારિત જોબસીકર્સ એલાવન્સ, અને વિરહદુઃખીના યા વિધવાના બેનિફિટ (આમ છતાં, કેરર પ્રીમિયમને લગતો વિભાગ જુઓ)

તમે જેની સંભાળ લઈ રહ્યા હો તે વ્યક્તિનું અવસાન થાય તયારે તમારૂં કેરર્સ એલાવન્સ આઠ વીક સુધી ચાલુ રહી શકે છે, શરત એટલી કે એને અમુક ચોક્કસ બેનિફિટ મળવા જોઈએ અને એની સંભાળ લેવાનું ચાલુ છે એ બે સિવાયના બીજા બધા મુદ્દા લાગુ પડતા હોય.

રિટાયરમેન્ટ પેન્શન અને ઈન્કૅપૅસીટી બેનિફિટ જેવા બેનિફિટ મળતું હોય તો તમારે માટે તમારા જીવનસાથી 'ડીપેન્ડન્ટ્સ ઍડીશન' નામની વધારાની રકમ માગી શકે છે.  જો કે, તમને પોતાને કેરર્સ એલાવન્સ મળતું હોય તો એને આ 'ડીપેન્ડન્ટ્સ ઍડીશન' ના મળી શકે.

ક્યારેક એવું બને છે કે તમને જો કેરર્સ એલાવન્સ મળે, તો જેની તમે સંભાળ લો છો તેના બેનિફિટમાં કાપ મૂકવામાં આવે.  જો એને ઈન્કમ સપોર્ટ, આવક પર આધારિત જોબસીકર્સ એલાવન્સ, હાઉઝીંગ બેનિફિટ, યા કાઉન્સિલ ટૅક્સ બેનિફિટ મળતા હોય તો ક્લેઈમ કરતા પહેલા સલાહ લઈ લેવી.

કેરર્સ એલાવન્સના ક્લેઈમ-ફ્રોર્મ માટે ડીડબલ્યુપી (ડિપાર્ટમેન્ટ ઓફ વર્ક એન્ડ પેન્શન્સ) દ્વારા કેરર અને ડીસેબલ્ડ માણસો અર્થે ચાલતી હેલ્પલાઈનને નંબર ૦૮૦૦ ૮૮ ૨૨ ૦૦ (નોર્ધર્ન આયર્લેન્ડમાં નંબર ૦૮૦૦ ૨૨ ૦૬ ૭૪) ઉપર ફોન કરો.

## કેરર પ્રીમિયમ

કેરર પ્રીમિયમ કોઇ અલગ બેનિફિટ નથી, પણ ઇન્કમ સપોર્ટ, આવક પર આધારિત જોબસીકર્સ એલાવન્સ, હાઉઝીંગ બેનિફિટ અને કાઉન્સિલ ટૅક્સ બેનિફિટ (જેને નોર્ધર્ન આયર્લૅન્ડમાં રેટ રિબેટ કહેવાય છે)માં પૂરક તરીકે ઉમેરાતી રકમ છે. એના થકી તમને વીકના £૨૫.૧૦ સુધીની વધારે રકમ મળી શકે છે.

તમને યા તમારા જીવનસાથીને નીચેની કોઇ કલમ લાગુ પડતી હોય તો બેનિફિટની ગણતરીમાં કેરર પ્રીમિયમ પણ શામેલ કરાશે:

- કેરર્સ એલાવન્સ મળતું હોય; અથવા,
- બીજું, વધારે બેનિફિટ મળવાને કારણે કેરર્સ એલાવન્સ નકારવામાં આવ્યું હોય.

## નૅશનલ ઇન્શ્યોરન્સ ક્રેડિટ

જે વીકમાં તમને કેરર્સ એલાવન્સ મળે અથવા વિરહદુઃખીના બેનિફિટને લીધે કેરર્સ એલાવન્સ અટક્યું હોય, એ વીક માટેની તમારી નૅશનલ ઇન્શ્યોરન્સની રકમ જમા થઇ જશે. ઉપરાંત, તમે બિમારીને કારણે યા ડીસેબીલીટીને કારણે કામ ન કરી શકતા હો યા કામે ચઢવા તૈયાર છો એમ બતાવવા તમે "સાઇન" કરતા હો, એ કારણો-સર તમને કોઇ બેનિફિટ મળે ત્યારે પણ તમારી નૅશનલ ઇન્શ્યોરન્સની રકમ જમા થઇ જશે. આના થકી તમારા ભવિષ્યના રિટાયરમેન્ટ પેન્શન તથા સરકારી પેન્શન સચવાઇ રહેશે, તેમ જ ઇન્કૅપૅસીટી બેનિફિટ અને જોબસીકર્સ એલાવન્સ મેળવવામાં સુગમતા થશે.

## હોમ રિસ્પોન્સિબિલિટી પ્રોટેક્શન

તમને કોન્ટ્રિબ્યુશન ક્રેડિટ ના મળે તો કદાચ હોમ રિસ્પોન્સિબિલિટી પ્રોટેક્શન મળી શકશે. આના થકી, રિટાયરમેન્ટ પેન્શન તેમ જ સ્ટેટ સેકન્ડ પેન્શન માટે જરૂરી ભરણા જમા થઇ ગયા લેખાશે. તમે કેરર તરીકે થઇને ઇન્કમ સપોર્ટ ક્લેઇમ કરો તો આ પ્રોટેક્શન આપોઆપ મળી રહેશે. જો ૧૬ વર્ષથી નાના બાળક પેટે તમને ચાઇલ્ડ બેનિફિટ મળે તો તમારૂં રિટાયરમેન્ટ પેન્શન આપોઆપ સચવાઇ રહેશે, અને ૬ વર્ષથી નાના બાળક પેટે તમને ચાઇલ્ડ બેનિફિટ મળે તો સ્ટેટ સેકન્ડ પેન્શન આપોઆપ સચવાઇ રહેશે. અન્યથા, નીચે બતાવેલ સંજોગોમાં તમે દરેક ટૅક્સ-વર્ષ અર્થે આ પ્રોટેક્શન માગી શકપો છો:

- તમે દર વીકે કમ-સે-કમ ૩૫ કલાક કોઇની દેખભાળ લેતા હો; અને,

- જેની સંભાળ તમે લઈ રહ્યા હો તેને એટેન્ડન્સ એલાવન્સ અથવા, અંગત દેખભાળ અર્થે મધ્યમ દરે યા ઉચ્ચ દરે ડીસેબીલીટી લીવીંગ એલાવન્સ મળતું હોવું જોઈએ;
- ટૅક્સ-વર્ષ દરમ્યાન તમે કમ-સે-કમ ૪૮ વીક માટે એ વ્યક્તિની ચાકરી કરી હોય.

ટૅક્સ-વર્ષ પુરૂં થાય એટલે ત્રણ વર્ષની અંદર આ પ્રોટેક્શન માટે અરજી કરવી જોઈએ. એ ક્લેઈમ કરવા માટે સ્થાનિક ઈન્લેન્ડ રેવેન્યુ (આવક વેરા ખાતું)ની ઓફિસનો સંપર્ક કરો.

## બિમાર તથા ડીસેબીલીટી વાળા માણસો

## ઈન્કૅપૅસીટી બેનિફિટ

બિમારીને કારણે યા ડીસેબીલીટીને કારણે કામ ન કરી શકતા હોય તેવા લોકો માટે આ બેનિફિટ છે. આ મેળવવા માટે જરૂરી છે કે:

- તમે નૅશનલ ઈન્શ્યોરન્સના ભરણા પૂરતા પ્રમાણમાં ભર્યા હોય;
- તમારા એમ્પ્લોયર પાસેથી તમને સ્ટેચ્યુટરી સિક પે ના મળતો હોય;
- તમારી ઉંમર ૧૬ વર્ષથી ઉપર હોય અને રિટાયરમેન્ટની ઉંમર (સ્ત્રીઓ માટે ૬૦, પુરુષો માટે ૬૫) કરતાં ઓછી હોય

## ઈન્કૅપૅસીટી બેનિફિટ અને નાની ઉંમરના લોકો

તમારી ઉંમર વીસ વર્ષથી ઓછી હોય (અભ્યાસ કે તાલીમ મેળવી રહ્યા હો તો પચીસ વર્ષ સુધી) અને ૧૯૬ દિવસ કે એથી વધારે લાંબા સમયથી કામ ન કરી શક્યા હો, તો નૅશનલ ઈન્શ્યોરન્સના ભરણા ભર્યા વગર પણ તમે ઈન્કૅપૅસીટી બેનિફિટ ક્લેઈમ કરી શકો છો.

તમારી સ્થાનિક સોશિયલ સિક્યોરિટી ઓફિસમાં યા જોબસેન્ટર પ્લસની ઓફિસમાં ઈન્કૅપૅસીટી બેનિફિટ ક્લેઈમ કરી શકાય છે.

૧૯ વર્ષથી નાના હોય અને અભ્યાસ ચાલુ હોય એવી વ્યક્તિને ઈન્કૅપૅસીટી બેનિફિટ ના મળી શકે, સિવાય કે કોર્સ વીકના ૨૧ કલાકથી ઓછા સમયનો હોય; જો કે ડીસેબલ્ડ વ્યક્તિ માટેનો ખાસ કોર્સ હોય તો આ સમયમર્યાદા લાગુ ના પડે.

# ડીસેબીલીટી લીવીંગ એલાવન્સ

આ બેનિફિટનો પ્રથમ ક્લેઈમ ૬૫ વર્ષની ઉંમરે પહોંચ્યા પહેલા કરવાનો હોય છે.

નીચે બતાવેલ મુદ્દાઓ તમને છેલ્લા ત્રણ માસથી લાગુ પડતા હોય અને આવતા છ માસ સુધી લાગુ પડવાના હોય તો જ તમને ડીસેબીલીટી લીવીંગ એલાવન્સ મળી શકે.  તમે જીવલેણ બિમારી ભોગવી રહ્યા હો તો આ સમયમર્યાદા લાગુ ના પડે.

તમારી બીજી ગમે એટલી આવક કે મૂડી હોય તો પણ તમને ડીસેબીલીટી લીવીંગ એલાવન્સ મળતું રહેશે. બીજા ઘણાખરા બેનિફિટ હોય મળતા હોય તો પણ ઉપરથી ડીસેબીલીટી લીવીંગ એલાવન્સ મળી શકે છે.

તમને ડીસેબીલીટી લીવીંગ એલાવન્સ મળે તો તમારા ઇન્કમ સપોર્ટ, હાઉઝીંગ બેનિફિટ, કે કાઉન્સિલ ટૅક્સ બેનિફિટ (જેને નોર્ધર્ન આયર્લેન્ડમાં રેટ રિબેટ કહેવાય છે)માં કાપ નહીં મુકાય, બલ્કે એ કદાચ વધારવામાં આવશે.

આ બેનિફિટના બે અંગ, બે અંશ છે: એક, ચાકરી કે દેખભાળ માટે અને બીજો, હલનચલન માટે. ચાકરી માટેનો અંશ તમને મધ્યમ કે ઉચ્ચ દરે મળે તો તમારા કેરરને કેરર્સ એલાવન્સ મળી શકે. હલનચલન માટેનો અંશ ઉચ્ચ દરે મળે તો મોટરગાડી માટે સોશિયલ સર્વીસીસમાંથ બ્લુ બેજ તેમ જ ડીસેબીલીટી બેનિફિટ્સ યુનિટમાંથી રોડ ટૅક્સ (ટેલિફોન: ૦૮૪૫ ૭૧૨ ૩૪૫૬) પેટે રાહત મળી શકે છે.

## ચાકરી, દેખભાળનો અંશ

નીચે બતાવેલ લોકોને આ મળી શકે છે:

- પેટભર જમી શકાય એવું મુખ્ય ખાણુ જાતે ન રાંધી શકે; અથવા,
- કપડા બદલવા, ન્હાવું-ધોવું, વાત-ચીત કરવી, કે પોતાના ઘરમાં હલનચલન કરવું - આવી રોજીંદી ક્રિયાઓમાં ઘણી મુશ્કેલી પડતી હોય; અથવા,
- જીવલેણ બિમારીમાં સપડાઇ ગયા હોય; અથવા,
- સલામતી અને સુરક્ષા અર્થે બીજા કોઇની હાજરીની જરૂર પડે.

આ બેનિફિટના ત્રણ ચઢ-ઊતરતા દર છે.  રાંધવાની તકલીફને લીધે બેનિફિટ માગ્યું હોય તો અરજદારની ઉંમર ૧૬ વર્ષથી વધારે હોવી જોઇએ; એ સિવાય ગમે એટલી નાની ઉંમરે આ માગી શકાય છે, એની કોઇ નીચલી મર્યાદા નથી.

### હલનચલન માટેનો અંશ

બિમારીને કારણે યા ડીસેબીલીટીને કારણે જેને હાલવાચાલવામાં મુશ્કેલી પડતી હોય એવા લોકો માટે આ બેનિફિટ છે.  એના બે ચઢ-ઊતરતા દર હોય છે.

શારીરિક ડીસેબીલીટીને કારણે તમને હાલવાચાલવામાં ખૂબ તકલીફ હોય, યા તમારી ગ્રહણ-શક્તિ એકદમ નબળી હોય તો તમને ઊંચો દર મળશે.  તમે શારીરિક ડીસેબીલીટી યા માનસિક બિમારી ભોગવતા હો યા મંદ ગ્રહણ-શક્તિ ધરાવતા હો અને કોઇ અજાણી જગાએ ચાલવાનું હોય તો સથવારાની જરૂર પડે એવી તમારી હાલત હોય તો નીચલો દર મળશે.

ઊંચો દર મેળવવા માટે તમારી ઉંમર ત્રણ વર્ષથી વધારે હોવી જોઇએ, અને નીચલા દર માટે પાંચ વર્ષથી વધારે.

ડીસેબીલીટી લીવીંગ એલાવન્સની અરજી કરવી હોય તો ડીડબલ્યુપી (ડિપાર્ટમેન્ટ ઓફ વર્ક એન્ડ પેન્શન્સ) દ્વારા કેરર અને ડીસેબલ્ડ માણસો માટે ચાલતી હેલ્પલાઇનને નંબર ૦૮૦૦ ૮૮ ૨૨ ૦૦ (નોર્ધર્ન આયર્લેન્ડમાં નંબર ૦૮૦૦ ૨૨ ૦૬ ૭૪) ઉપર ફોન કરો.

## એટેન્ડન્સ એલાવન્સ

૬૫ વર્ષ પૂરા કર્યા પછી પ્રથમ વખત ક્લેઇમ કરનાર માટે આ બેનિફિટ છે.  એના બે ચઢ-ઊતરતા દર હોય છે.  નીચેનો કોઇ મુદ્દો લાગુ પડે તો આપને આ બેનિફિટ મળી શકે:

- તમને કોઇ જીવલેણ બિમારી વળગી હોય; અથવા,
- કપડા બદલવા, ન્હાવું-ધોવું, વાત-ચીત કરવી, કે પોતાના ઘરમાં હલનચલન કરવું - આવી રોજીંદી ક્રિયાઓમાં ઘણી મુશ્કેલી પડતી હોય; અથવા,
- સલામતી અને સુરક્ષા અર્થે બીજા કોઇની હાજરીની જરૂર પડે.

જીવલેણ બિમારી હોય તો સમયમર્યાદા લાગુ નથી પડતી; અન્યથા, જરૂરી છે કે છેલ્લા છ માસ કે એથી વધુ સમયથી આ તકલીફો હોય.

તમારી બીજી ગમે એટલી આવક કે મૂડી હોય તો પણ તમને એટેન્ડન્સ એલાવન્સ મળતું રહેશે. બીજા ઘણાખરા બેનિફિટ હોય મળતા હોય તો પણ ઉપરથી એટેન્ડન્સ એલાવન્સ મળી શકે છે.

તમને એટેન્ડન્સ એલાવન્સ મળે તો તમારા ઇન્કમ સપોર્ટ, હાઉઝીંગ બેનિફિટ, કે કાઉન્સિલ ટૅક્સ બેનિફિટ (જેને નોર્ધર્ન આયર્લેન્ડમાં રેટ રિબેટ કહેવાય છે)માં કાપ નહીં મુકાય, બલ્કે એ કદાચ વધારવામાં આવશે.

તમને એટેન્ડન્સ એલાવન્સ મળે તો સંભવ છે કે તમારા કેરરને કેરર્સ એલાવન્સ મળી શકે.

એટેન્ડન્સ એલાવન્સની અરજી કરવી હોય તો ડીડબલ્યુપી (ડિપાર્ટમેન્ટ ઓફ વર્ક એન્ડ પેન્શન્સ) દ્વારા કેરર અને ડીસેબલ્ડ માણસો માટે ચાલતી હેલ્પલાઇનને નંબર ૦૮૦૦ ૮૮ ૨૨ ૦૦ (નોર્ધર્ન આયર્લેન્ડમાં નંબર ૦૮૦૦ ૨૨ ૦૬ ૭૪) ઉપર ફોન કરો.

## ઇન્ડસ્ટ્રિયલ ઇન્જ્યરીઝ બેનિફિટ

કામધંધે અકસ્માત કે ઇજાના ભોગ બન્યા હોય અથવા નોકરીમાં જ કે નોકરી થકી કોઇ ઔધોગિક બિમારીમાં સપડાયા હોય એવા લોકો માટે આ બેનિફિટ છે. તમારે સાબિત કરી આપવું પડશે કે તમારી ઇજા કે બિમારીનું કારણ તમારી "વ્યવસાયી કામગીરી" જ છે.

ઇન્ડસ્ટ્રિયલ ઇન્જ્યરીઝ બેનિફિટ ક્લેઇમ કરવા માટેના ફોર્મ સ્થાનિક સોશિયલ સિક્યોરિટી ઓફિસમાંથી મળશે.

## ઓછી આવકવાળા લોકો માટે

### ઇન્કમ સપોર્ટ/મિનિમમ ઇન્કમ ગૅરંટી

સરકારે નક્કી કરેલ અમુક નીચી સપાટી કરતા ઓછી આવક હોય એવા લોકો માટે આ બેનિફિટ છે. ૬૦ વર્ષથી મોટી ઉંમરના લોકોને જે ઇન્કમ સપોર્ટ મળે તેને મિનિમમ ઇન્કમ ગૅરંટી કહેવાય છે. આ નીચી સપાટી તમારા સંજોગો ઉપર આધાર રાખે છે.

સામાન્યત્, તમે બેકાર હો યા વીકના ૧૬ કલાકથી ઓછું કામ કરતા હો તો જ ઇન્કમ સપોર્ટ મળી શકે છે. જોડે જીવનસાથી હોય તો તે વીકના ચોવીસ કલાકથી ઓછું કામ કરતા હોવા જોઇએ. મોટે ભાગે માણસો કામની તપાસ કરી રહ્યા હોય અને જોબસીકર્સ એલાવન્સ માગતા હોય એવી ધારણા રખાય છે. અન્ય લોકો ઇન્કમ સપોર્ટ માગી શકે છે - દા.ત. કેરર, સિંગલ પેરન્ટ, ૬૦ વર્ષથી ઉપરના માણસો, અને બિમાર લોકો કે ડીસેબીલીટીવાળા માણસો. અમુક કેરર જો ઇન્કમ સપોર્ટ માગે તો તેને કામ કરવાના કલાકોની મર્યાદા લાગુ નથી પડતી.

£૮,૦૦૦ (અરજદાર પોતે કે એના જીવનસાથી ૬૦ વર્ષથી મોટા હોય તો £૧૨,૦૦૦) થી વધારે બચત હોય તો ઇન્કમ સપોર્ટ ના મળી શકે. યુગલબંદી હોય તો એમની સંયુક્ત બચત/મૂડીને આ મર્યાદા લાગુ પડે છે. તમે રેસિડેન્શિયલ કેર (નર્સીંગ હોમ જેવું) માં હો તો બચત/મૂડી અંગે જાુદા નિયમો લાગુ પડે છે.

તમને ૬ એપ્રિલ ૨૦૦૩ પહેલાથી ઇન્કમ સપોર્ટ મળી રહ્યું હોય, અને તમારૂં આશ્રિત બાળક હોય, તો બાળકોને લગતાં ભથ્થા તમને ઇન્કમ સપોર્ટ સાથે મળતાં રહેશે. એપ્રિલ ૨૦૦૪ પછીથી ઇન્કમ સપોર્ટ અને એની જોડે ચાઇલ્ડ ટૅક્સ ક્રેડિટ તમને લાગુ કરવામાં આવશે.

તમે ૬ એપ્રિલ ૨૦૦૩ પછી ક્લેઇમ કરો તો કાં તો તમારા ઘરાનાનાં પુખ્ત વયનાં માટે તેમ જ બાળકો માટે તમને ઇન્કમ સપોર્ટ મળશે, યા તો ૬ એપ્રિલ ૨૦૦૪ સુધી ઇન્કમ સપોર્ટ અને એની જોડે ચાઇલ્ડ ટૅક્સ ક્રેડિટ મળશે. ચોક્કસ ખાતરી ના હોય તો સલાહ લઇ લેવી.

ઇન્કમ સપોર્ટની અરજી કરવા માટે તમારી સ્થાનિક બેનિફિટ એજન્સીનો અથવા જોબસેનટર પ્લસનો સંપર્ક કરો, અથવા તમારી ઉંમર ૬૦ની ઉપર હોય તો નંબર ૦૮૦૦ ૦૨૮ ૧૧૧૧ ઉપર પેન્શન્સ સર્વીસ હેલ્પલાઇનને પૂછો.

## જોબસીકર્સ એલાવન્સ

બેરોજગાર હોય પણ કામ-ધંધો શોધવાની અપેક્ષા જેની પાસેથી રાખી શકાય એવા લોકોને આ બેનિફિટ મળે છે. તમારી આવક કે મૂડીને ધ્યાનમાં લીધા વગર છ માસ સુધી અમુક નિશ્ચિત રકમ તમને મળશે જેનો આધાર તમે નૅશનલ ઇન્શ્યોરન્સના ભરેલ ભરણાં ઉપર હશે. તમને આવક પર આધારિત રકમ મળી શકે છે; એને માટેના નિયમો ઇન્કમ સપોર્ટને લગતા નિયમો સમાન હોય છે.

જોબસીકર્સ એલાવન્સ ક્લેઇમ કરવા માટે સ્થાનિક જોબસેન્ટરમાં પૂછો.

## ટૅક્સ ક્રેડિટ

૬ એપ્રિલ ૨૦૦૩ પછીથી બે (નવા) ટૅક્સ ક્રેડિટ મળી શકે છે: વર્કિન્ગ ટૅક્સ ક્રેડિટ અને ચાઇલ્ડ ટૅક્સ ક્રેડિટ

## ચાઇલ્ડ ટૅક્સ ક્રેડિટ

૧૬ વર્ષની ઉંમર સુધીના બાળકો (શિક્ષણ લઇ રહ્યા હોય તો ૧૯ વર્ષ સુધીના)ની સંભાળ-ઉછેર કરી રહેલ લોકો માટે આ બેનિફિટ છે. કેટલી રકમ મળે એ તમારી આવક તેમ જ અંગત પરિસ્થિતિ ઉપર નભે છે. જો બાળક ડીસેબલ્ડ હોય તો વધારે ક્રેડિટ મળવાનો સંભવ છે.

બાળકનું પાલન-ઉછેર કરી રહેલ એકલ વ્યક્તિ કે યુગલની વાર્ષિક, કરપાત્ર આવક £૫૮,૦૦૦ સુધીની હોય તો આ ક્રેડિટ મેળવી શકશે. બાળકની ઉંમર એક વર્ષથી ઓછી હોય તો આવકની ટોચ-મર્યાદા વધારે પણ હોઇ શકે. બાળકના નિર્વાહ માટે મળતી ખાસ રકમને આવક તરીકે ના લેખાય.

## વર્કિન્ગ ટૅક્સ ક્રેડિટ

કામ-ધંધે હોય એવા લોકો માટે આ બેનિફિટ છે. સામાન્યત્, તમારી ઉંમર પચીસ વર્ષ કે એથી વધારે હોવી જોઇએ, અને વીકના ૩૦ કલાક કે એથી વધુ સમયનું તમારૂં કામ હોવું જોઇએ. તમે વીકના ૧૬ કલાક કે એથી વધુ સમયનું કામ કરતા હો તો વર્કિન્ગ ટૅક્સ ક્રેડિટ મેળવવા માટે નીચેના મુદ્દાઓ લાગુ પડશે:

- તમારી ઉંમર ૧૬ વર્ષ કે એથી વધારે હોય અને બાળકના ઉછેરની જવાબદારી તમારે શિરે હોય;
- તમારી ઉંમર ૧૬ વર્ષ કે એથી વધારે હોય અને તમે ડીસેબલ્ડ હો;
- તમારી ઉંમર પચાસ વર્ષ કે એથી વધારે હોય અને ભૂતકાળમાં અમુક નિશ્ચિત બેનિફિટ મેળવી લીધા બાદ ફરીથી કામ-ધંધે લાગ્યા હો.

કેટલી રકમ મળે એ તમારી આવક તેમ જ અંગત પરિસ્થિતિ ઉપર નભે છે.

ટૅક્સ ક્રેડિટ ક્લેઇમ કરવા માટે યા એના વિષે વધારે માહિતી માટે નંબર ૦૮૪૫ ૩૦૦ ૩૯૦૦ (નોર્ધર્ન આયર્લૅન્ડમાં નંબર ૦૮૪૫ ૬૦૩ ૨૦૦૦) ઉપર ઇન્લૅન્ડ રેવેન્યુ (આવક વેરા ખાતું)ની હેલ્પલાઇનનો સંપર્ક કરો.

## હાઉઝીંગ બેનિફિટ અને કાઉન્સિલ ટૅક્સ બેનિફિટ

ઓછી આવક હોય અને ભાડું કે કાઉન્સિલ ટૅક્સ (રેઇટ) ભરતા હોય એવા લોકો માટે આ બેનિફિટ છે. તમારી મૂડી-બચત £૧૬,૦૦૦થી ઓછી હોવી જોઇએ.

હાઉઝીંગ બેનિફિટ, કાઉન્સિલ ટૅક્સ બેનિફિટ કે રેઇટ રીબેટ ક્લેઇમ કરવા માટે તમારી સ્થાનિક હાઉઝીંગ ઑથોરિટીનો સંપર્ક કરો. અમુક સંજોગોમાં - જેમ કે, તમે કેરર હો, યા તમારૂં ઘર ખાલી પડ્યું હોય, યા તમે એકલવાસી હો, યા કોઇ ડીસેબલ્ડ વ્યક્તિની સુવિધા ખાતર તમારી પ્રોપર્ટીમાં સુધારા/ફેરફાર કરાવેલ હોય - કોઇ બીજી યોજનાઓ થકી તમને કાઉન્સિલ ટૅક્સમાં રાહત મળી શકશે.

## સોશિયલ ફંડ

કોઇ એકાદ ખર્ચને પહોંચી વળવા માટે સોશિયલ ફંડમાંથી ગ્રાન્ટ અને લૉન મળે છે. અમુક નિશ્ચિત ‘મીન્સ-ટેસ્ટેડ’ બેનિફિટ વાળા લોકોને નીચે બતાવેલ ખર્ચમાં મદદ મળી શકે છે:

- અંતિમ સંસ્કાર (ફ્યુનરલ) ના ખર્ચ;
- પ્રસવ/પ્રસૂતીને લગતા (મૅટરનિટી) ખર્ચ.

ઇન્કમ સપોર્ટ યા આવક પર આધારિત જોબસીકર્સ એલાવન્સ મેળવતા લોકોને નીચે પ્રમાણે સહાય મળી શકે છે:

- કોઇ ખાસ, નિશ્ચિત કારણસર કરાતી સફરના ખર્ચા, યા કોઇ ડીસેબલ્ડ કે બેઘર વ્યક્તિને ઘર વસાવવા માટેની મદદ, યા ડીસેબલ્ડ વ્યક્તિ પોતાના જ આવાસમાં રહેવાનું ચાલુ રાખી શકે એ અર્થે મદદ - આ બધા માટે કૉમ્યુનિટી કેર ગ્રાન્ટ હોય છે;
- ફરનીચર કે અન્ય ઘરવખરી ખરીદવામાં મદદરૂપ થાય એવી બજેટ લૉન.

કોઇ અણધારી આફત કે કટોકટી આવી પડી હોય અને તાત્કાલિક મદદ જોઇતી હોય તો એવી સંકટ સમયની લૉન (ક્રાઇસિસ લૉન) મળી શકે છે.

તમારી સ્થાનિક સોશિયલ સિક્યોરિટી ઓફિસમાં યા જોબસેન્ટર પ્લસની ઓફિસમાંથી સોશિયલ ફંડ દ્વારા મળતી મદદ ક્લેઇમ કરી શકાય છે.

## હેલ્થ બેનિફિટ

જેની બચતની રકમ £૮,૦૦૦ (૬૦ વર્ષથી ઉપર ઉમર હોય તો £૧૨,૦૦૦) થી ઓછી હોય એવા ઓછી આવક વાળા લોકોને નીચે બતાવેલ બેનિફિટ મળી શકે છે:

- પ્રિસ્ક્રીપ્શનના ચાર્જમાં માફી;
- ડેન્ટલ (દાંતની સારવાર માટે) ચાર્જમાં રાહત અથવા બિલકુલ માફી;
- આંખો ચેક કરવાના ખર્ચમાં માફી તથા ચશ્માના ખર્ચમાં રાહત માટેના વાઉચર.

## પેન્શન ક્રેડિટ

ઑક્ટોબર ૨૦૦૩ પછીથી મિનિમમ ઇન્કમ ગૅરંટીની જગાએ પેન્શન ક્રેડિટ આવશે. આ ક્રેડિટના બે અલગ ભાગ હશે: ગૅરંટી ક્રેડિટ, જે ૬૦ વર્ષથી ઉપરના લોકો માટે હશે અને મિનિમમ ઇન્કમ ગૅરંટીની બરાબર હશે, તથા, સેવિન્ગ્સ ક્રેડિટ, કમ મૂડીવાળા અને ઓછું પેન્શન મેળવી રહેલા ૬૫ વર્ષથી મોટી ઉંમરના લોકોને વધારાની આવક તરીકે મળશે.

આશ્રિત બાળકો અર્થે કોઇ રકમની જોગવાઇ પેન્શન ક્રેડિટમાં નહીં હોય - એને માટે ચાઇલ્ડ ટૅક્સ ક્રેડિટ થકી સહાય મળશે.

હાલમાં મિનિમમ ઇન્કમ ગૅરંટી ઉપર હોય એવા લોકોને પેન્શન ક્રેડિટ આપોઆપ મળતું થશે. બીજા સૌ પેન્શનદારોને ૨૦૦૩ના ઊનાળાના અંત સુધીમાં વિગતવાર માહિતી-સંગ્રહ મોકલવામાં આવશે.

મુદ્રણ: એપ્રિલ ૨૦૦૩